PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/કવા–૦૨/૧૮–૧૯/ 8530-3 તા.

રજી. એ.ડી. પત્ર

17 SEP 2018

પ્રતિ,
ડાહ્યુ કરશનભાઈ કાંબરીયા,
ગામ:મણીપુર ( નાના ખડબા)
તા.લાલપુર
જી.જામનગર
મો: ૯૯૦૯૩ ૧૯૭૭૭

વિષય :–ખેતીવાડી જોડાણ નુ મીટર બદલાવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૧/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામજોધપુર
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, સમાના

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૨૧/ક્લા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૮–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ડાડુ કરશનભાઈ કાંબરીયા, ગામ: મણીપુર ( નાના ખડબા)**

**રજુઆત કરનાર: અરજદાર ડાડુ કરશનભાઈ કાંબરીયા હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, સમાના (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામજોધપુર)**

**રજુઆત કરનાર : – એસ.એમ.ખીમસુરીયા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામજોધપુર**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી જોડાણ નુ મીટર બદલાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ લાલપુર તાલુકાના નાના ખડબા ગામે એ–૨ ટેરીફ વાળુ વીજજોડાણ ધરાવે છે, જેના ગ્રાહક નં. – ૬૧૧૬૮ – 00030 –0 છે. તેઓના જોડાણ નુ મીટર પીજીવીસીએલ ની કચેરી વાળા બળી ગયેલ હોવાથી લઈ ગયેલ હતા. તેમજ – નવુ મીટર મુકી ગયેલ ન હતા. નવા મીટર માટે પીજીવીસીએલ ની કચેરી મા ફરીયાદ કરતા – પીજીવીસીએલ ની કચેરી તરફથી જણાવેલ કે – તેઓનુ મીટર પીજીવીસીએલ દ્વારા કઢાયેલ નથી. જેથી પીજીવીસીએલ ની કચેરી એ તેઓને એફ.આઈ.આર. કરવાની ફરજ પાડેલ. પરંતુ, સદર કેઈસ જુનો હોય – પોલીસ ની કચેરી દ્વારા એફ.આઈ.આર. કરવાની ના પાડેલ. આમ, એ–૨ ટેરીફ વાળુ મીટર ફરીથી લગાડવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ડાડુભાઈ કરશનભાઈ કાંબરિયાની ફોરમ સમક્ષ ખેતીવાડી વીજજોડાણ ના મીટર બદલવા બાબત ની અરજી ના અનુસંધાને પીજીવીસીએલ તરફથી થતો જવાબ નીચે મુજબ છે.<br>અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ ફરિયાદ અરજી મુજબ તેઓ તેમના પિતા ના નામે મણીપુર ગામે કાંબરિયા કરશનભાઈ ખીમાભાઈ ગ્રાહક નંબર ૬૧૧૬૮/00030/0 નામે A2 ટેરીફનું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. વર્ષ ૨૦૧૪માં મીટર બળી ગયું ત્યારે મણીપુર લાલપુર પેટા વિભાગીય કચેરી માં આવતું હોય તે કચેરી ના કર્મચારી ઓ બળેલ મીટર લઇ ગયેલ અને નવું મીટર નાખી આપેલ નથી, તેમજ લાલપુર કચેરીએ તપાસ કરતા કચેરી તરફથી કહેવામાં આવેલ કે તમારું વીજ મીટર અમારી કચેરી ના કર્મચારી દ્વારા ઉતારવામાં આવેલ નથી અને તમારે નવું મીટર લગાડવું હોય તો જુના મીટર અંગે પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવવી પડશે.<br>જે બાબતે જણાવવાનું કે મણીપુર ગામ હાલ સમાણા પેટા વિભાગીય કચેરી જે તે સમયે લાલપુર પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું હતું. લાલપુર પેટા વિભાગીય કચેરી માં તપાસ કરતા |

તેમના રેકર્ડ માં સદર ગ્રાહકને ત્યાથી મીટર બળી જતા ઉતારેલ હોય તેવુ જાણવા મળેલ નથી તથા કોઈ કર્મચારી દ્વારા મીટર લઇ ગયેલ નથી. પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમ અનુસાર ગ્રાહક ના પ્રીમાયસીસ માં લાગેલ મીટર ની દેખરેખ રાખવાની જવાબદારી જેતે ગ્રાહકની હોય છે.

જેથી લાલપુર પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહક ને મીટર ગુમ થયાની પોલીસ ફરિયાદ નોંધાવવા જણાવેલ તથા પોલીસ ફરિયાદ ની નકલ રજુ કર્યે મીટર લગાવી અપવાનું જણાવેલ. પરંતુ આજ દિવસ સુધી ગ્રાહકે તેમના પ્રીમાયસીસ માંથી મીટર ગુમ થયેલ ની ફરિયાદ નોંધાવેલ ન હોય તેમનું મીટર લગાડી આપવામાં આવેલ નથી. ગ્રાહક શ્રી પોલીસ ફરિયાદ ની કોપી રજુ કર્યે મીટર લગાડી આપવામાં આવશે.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

**૩.૧**

1. અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર તેમના પિતા ના નામે મણીપુર ગામે કાંબરિયા કરશનભાઈ ખીમાભાઈ ગ્રાહક નંબર ૬૧૧૬૮/00030/0 નામે A2 ટેરીફનું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.
2. અરજદાર ની મુદ્દા નં.૧.૧ મુજબ ની વિગતે ની રજુઆત મુજબ – વર્ષ ૨૦૧૪માં મીટર બળી ગયું ત્યારે મણીપુર લાલપુર પેટા વિભાગીય કચેરી માં આવતું હોય તે કચેરી ના કર્મચારી ઓ બળેલ મીટર લઇ ગયેલ અને નવું મીટર નાખી આપેલ નથી, તેમજ લાલપુર કચેરીએ તપાસ કરતા કચેરી તરફથી કહેવામાં આવેલ કે તમારું વીજ મીટર અમારી કચેરી ના કર્મચારી દ્વારા ઉતારવામાં આવેલ નથી અને તમારે નવું મીટર લગાડવું હોય તો જુના મીટર અંગે પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવવી પડશે, તેમ અરજદાર ને જણાવેલ છે. વધુમાં અરજદાર ની અરજી તા.૩૦–૦૮–૧૭ ના રોજ પેટા વિભાગીય કચેરી, સમાણા માં ઈન્વર્ડ કરાયેલ છે. રજુ કરાયેલ પુરાવા મુજબ – તા.૨૬–૧૧–૧૫ ના રોજ ખેતીવાડી વીજજોડાણ ની મીટર બદલી બાબત ની નોંધણી કાંબરિયા કરશનભાઈ ખીમાભાઈ ના નામે થયેલ છે. ઉપરોક્ત બાબતે – મણીપુર ગામ – જે તે સમયે લાલપુર પેટા વિભાગીય કચેરી હેઠળ હોય – સદર બાબતે તપાસ કરતા રેકર્ડ મુજબ – સદર ગ્રાહક ને ત્યાથી મીટર બળી જતા ઉતારેલ હોય – તેમ જણાયેલ નથી. તેમજ કોઈ કર્મચારી દ્વારા મીટર લઈ ગયેલ નથી. વધુમાં પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમ મુજબ – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. 4.108 મા કરાયેલ જોગવાઈ મુજબ '' The meter, meter boards, service mains, MCB/CB, load limiters etc., must on no account be handled or removed by any one who is not an authorized employee/representative of the licensee- Seals which are fixed on the meters/metering equipments, load limiters and the licensee's apparatus, must on no account be tampered with, damaged or broken. It is the consumer's responsibility to keep in safe custody the licensee's equipments and seals on the meters/metering equipments at the consumer's '' આમ – અરજદાર ના સ્થળ પર લાગેલ મીટર ની દેખરેખ રાખવાની જવાબદારી જે તે ગ્રાહક ની હોય છે.

વીજબીલ માહે **નવેમ્બર –ડિસેમ્બર– ૧૭ અને માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૮** ની નકલ રજુ કરેલ છે, તે મુજબ મીટર રીડર દ્વારા '' *મીટર સ્થળ પર નથી* '' તે મુજબ ની નોંધ કરાયેલ છે. જેથી, મીનીમમ બીલ '' ૦'' યુનીટ

વીજવપરાશ નુ અપાયેલ છે. સદર અરજદાર ના પી.આર.ટી.–૧૪૫ મુજબ –

- વીજબીલ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૨ થી ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૫ સુધી અરજદાર ને ૬૪૦ યુનીટ નુ ફોલ્ટી મીટર મુજબ નુ વીજબીલ અપાયેલ છે.
- ત્યારબાદ માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૫ થી માર્ચ–એપ્રીલ– ૧૬ સુધી ૮૦૦ યુનીટ નુ ફોલ્ટી મીટર મુજબ નુ વીજબીલ અપાયેલ છે.
- ત્યારબાદ માહે મે–જુન– ૧૬ થી માહે મે–જુન– ૧૮ સુધી મીનીમમ ''૦ '' યુનીટ મુજબ નુ વીજબીલ અપાયેલ છે.
- સદર કેઈસ મા, ઉપરોકત બાબતે – અરજદાર ની રજુઆત મુજબ – તેઓના સ્થળ પર મીટર બળી ગયેલ હોવાથી – પીજીવીસીએલ ના કર્મચારી દ્વારા સદર મીટર ઉતારીને લઈ ગયેલ છે – પરંતુ નવુ મીટર સ્થાપિત કરેલ હોય – તે અંગે ના આધાર–પુરાવા અરજદાર દ્વારા કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. તેમજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજજોડાણ નુ વીજબીલ નિયમીત માહે માર્ચ–એપ્રીલ– ૧૬ સુધી થયેલ છે. પરંતુ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજબીલ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૨ થી માર્ચ–એપ્રીલ– ૧૬ સુધી કુલ ૨૫ દ્રીમાસીક વીજબીલો ફોલ્ટી મીટર મુજબ અપાયેલ છે. ત્યારબાદ, માહે મે–જુન– ૧૮ સુધી મીનીમમ ''૦ '' યુનીટ મુજબ નુ વીજબીલ અપાયેલ છે. સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મીટર ફોલ્ટી જણાય તો – સપ્લાયકોડ મા પ્રવર્તમાન નિયમાધીન રીતે કોઈ કાર્યવાહી કરાયેલ નથી. તેમજ જો મીટર ગુમ થયેલ હોય – તેવા કિસ્સાઓમા બીલ તૈયાર કરવા માટે સપ્લાયકોડ ના મુદદા નં. ૬.૬૦ મુજબ ની વિગતે – કાર્યવાહી કરાયેલ નથી.

**૩.૨** સદર કેઈસ મા, ઉપરોકત બાબતે – અરજદાર ની રજુઆત મુજબ – તેઓના સ્થળ પર મીટર બળી ગયેલ હોવાથી – પીજીવીસીએલ ના કર્મચારી દ્વારા સદર મીટર ઉતારીને લઈ ગયેલ છે – કે નવુ મીટર સ્થાપિત કરેલ હોય – તે અંગે ના આધાર–પુરાવા અરજદાર દ્વારા કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી.

પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજજોડાણ નુ વીજબીલ નિયમીત માહે માર્ચ–એપ્રીલ– ૧૬ સુધી થયેલ છે. પરંતુ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજબીલ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૨ થી માર્ચ–એપ્રીલ– ૧૬ સુધી કુલ ૨૫ દ્રીમાસીક વીજબીલો ફોલ્ટી મીટર મુજબ અપાયેલ છે. ત્યારબાદ, માહે મે–જુન– ૧૮ સુધી મીનીમમ ''૦ '' યુનીટ મુજબ નુ વીજબીલ અપાયેલ છે. સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મીટર ફોલ્ટી જણાય તો – સપ્લાયકોડ મા પ્રવર્તમાન નિયમાધીન રીતે કોઈ કાર્યવાહી કરાયેલ નથી.

સદર કેઈસ મા, જો મીટર ગુમ થયેલ હોય – તેવા કિસ્સાઓમા બીલ તૈયાર કરવા માટે સપ્લાયકોડ ના મુદદા નં. ૬.૬૦ મુજબ ની વિગતે – કાર્યવાહી કરાયેલ નથી. તેમજ સપ્લાયકોડ ના મુદદા નં. ૬.૪૫ મુજબ ની વિગતે– જો ગુમ થયેલ મીટર ની ફરીયાદ અરજદાર દ્વારા પોલીસમાં એફ.આઈ.આર. દાખલ કરાયા ની નકલ – પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં ફરીયાદ સાથે જોડીને મોકલી હોય તો જ ધ્યાનમાં લેવામા આવશે.

તેમજ સદર કેઈસ મા – નવા મીટર નુ સ્થાપન – જેટલો સમય મીટર ઉપલબ્ધ ન હોય – તેટલા સમયગાળા માટે નો વીજખર્ચ અને આયોગે મંજુર કરેલ હોય તેવા કોઈપણ નિયત ખર્ચ ની ચુકવણી કર્યા બાદ પુરવઠો ચાલુ કરાશે. મીટર ઉપલબ્ધ ન હોય તેટલા સમયગાળા માટે નુ વીજખર્ચ સપ્લાયકોડ ના મુદદા નં. ૬.૬૦ મુજબ કરવામા આવશે.
ઉપરોકત બાબતે ની કાર્યવાહી કરવાની જાણકારી બન્ને પક્ષકારો ને આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે અરજદાર અને પીજીવીસીએલ પક્ષકાર ને જરૂરી નિયમાધીન તમામ કાર્યવાહી કરવા માટે ની જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.